# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૨ સને ૨૦૨૪ સં.૨૦૮૦
અંક : ૧૦ ચૈત્ર-એપ્રિલ સળંગ અંક-૧૩૦

: લેખક - પ્રેરક :

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

: માનદ સંપાદક :
અને
: પત્ર વ્યવહાર :



રાજેશ બી. શાહ
જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર
ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની
લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,
પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.
(M) 9925012355



: લવાજમ :

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ અહો નવકાર !!!
★ વાંચનમાંથી તારવેલું
★ પ્રેરણા પત્ર
★ પૂજ્ય ગુરુદેવના પગલે... વચને...


## આર્ષવાણી

**शर्वरीदीपकश्चन्द्रः,**
**प्रभाते दीपको रविः ।**
**त्रैलोक्यदीपको धर्मः,**
**सुपुत्रः कुलदीपकः ।।**

**રાત્રિના સમયનો દીવો ચન્દ્ર છે. પ્રભાતના સમયે સૂર્ય દીવો છે. ત્રણે ભુવનને પ્રકાશિત કરતો દીવો ધર્મ છે અને કુલનો દીવો સુપુત્ર છે.**

હે અજ્ઞાનજીવ ! મોતથી શા માટે ડરે છે ? તે જન્મેલાને ક્યારેય છોડતું નથી. નહીં જન્મેલાને ગ્રહણ કરતું નથી. માટે અજન્મા બનવાનો પુરુષાર્થ કર.



## ★ અહો નવકાર !!! ★★★

- પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

મહામંત્ર અને મંત્રના રાજા તરીકે ગણાતા નમસ્કાર મહામંત્રનો મહિમા વિશિષ્ટ છે. સામાન્ય મંત્રોમાંય જો કાંઈ ને કાંઈ પ્રભાવ હોય તો મંત્રાધિરાજમાં અતિવિશિષ્ટ પ્રભાવ હોય તે સમજાય તેવી વાત છે. કોઈપણ મંત્ર પ્રભાવહીન નથી. હા, તે મંત્રની રચના સુયોગ્ય વ્યક્તિ દ્વારા થયેલી હોવી જોઈએ. તેનો ઉચ્ચાર શુદ્ધ થવો જોઈએ. તેને સિદ્ધપુરુષ પાસેથી વિધિપૂર્વક ગ્રહણ કરવો જોઈએ. જેમ તે તે મંત્રોને સિદ્ધ કરવા માટે અમુક સંખ્યામાં, અમુક દિશામાં બેસી, અમુક તપ સાથે જાપ કરવાનો હોય છે, તેમ નવકાર માટે પણ તેનો તપ, જાપ સંખ્યા વગેરેના નિયમો છે. તે નિયમો પ્રમાણે કરવાથી નવકાર સિદ્ધ થાય છે. તે પણ પૂર્ણ શ્રદ્ધા સાથે કાર્ય થવું જોઈએ. એ માટે મંત્ર પંચાંગીવગેરેનું જ્ઞાન મેળવવું પણ જરૂરી છે.

અલબત્ત, શ્રદ્ધા અને ભાવ મહત્ત્વની વાત છે. શ્રદ્ધા વગર ભાવ ક્યાંથી જાગે ? શ્રદ્ધાના પાયા ઉપર ભાવનાની ઈમારત ચણાય છે. ભાવનાના આધારે સિદ્ધિના શિખરે પહોંચાય છે. મતલબ, શ્રદ્ધા એ તળેટી છે, તો સિદ્ધિ એ શિખર છે.

નવકારનો મહિમા સમજવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ સેંકડો ગ્રંથો રચ્યા છે. પ્રાકૃત-સંસ્કૃત, પાલી-મારુ-ગુર્જર-ગુજરાતી વગેરે કેટલીય ભાષાઓમાં ગ્રંથોની રચના થઈ છે. તેમાંનું કેટલુંક સાહિત્ય 'નમસ્કાર સ્વાધ્યાય' ભા.૧-૨-૩માં ઉપલબ્ધ છે. અપ્રગટ સાહિત્ય પણ ઘણું છે. ગુજરાતી વગેરેમાં પણ ઘણું સાહિત્ય પુસ્તિકાઓ રૂપે, વિવિધ નામથી પ્રગટ-પ્રકાશિત થયું છે. અનેક સંસ્થાઓએ આવું સાહિત્ય પ્રકાશિત કરી નવકારના મહિમાને લોકમાનસ સુધી પહોંચાડવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. આ માટેનું ગદ્ય-પાદ્યઃ બંને સાહિત્ય ઉપલબ્ધ છે.

નવકારના મહિમાને સમજવા માટે ક્યાંક ઉપમાઓનો સહારો લીધો છે, તો ક્યાંક કથાનકોનો સહારો લીધો છે. કથાનકો પણ રૂપક સ્વરૂપે બનાવટી નહીં, સત્યઘટનાઓ સ્વરૂપે છે. તેમાં ક્યાંય અતિશયોક્તિ કે શબ્દોના આડંબર પણ નથી. માત્ર વાસ્તવિકતાને દર્શાવનારી છે. આવી જ કથાનકોમાંથી એક કથા અહીં રજૂ થાય છે.

**રાજસિંહકુમાર :**

અર્ધપુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં 'વડગામ' નામનું

નગર હતું. ગામની નજીકમાં જ એક મોટો પર્વત છે. પર્વત પોતાના પ્રાકૃતિક સૌંદર્યથી શોભતો હતો. એમાં અનેક ગુફાઓ પણ હતી. ગુફા તો સામાન્યથી વન્ય જીવોને રહેવાનું જેમ સ્થાન ગણાય, તેમ ઋષિ-મુનિઓને કે સંન્યાસીઓનાં નિવાસનું કે સાધનાનું પણ સ્થાન ગણાય. નિર્જન ભૂમિ હોવાથી તેમની સાધનામાં વિક્ષેપ ન આવતો. અમુક પ્રકારની ધ્યાનાદિ સાધના માટે એકાંત વધુ યોગ્ય ગણાય છે. જ્ઞાન ભણવામાં બે જણ જોઈએ. તાન (સંગીત) માં ત્રણ જણ જોઈએ પરંતુ ધ્યાનમાં બીજું કોઈ ન જોઈએ, પોતે એકલો જ હોવો જોઈએ. હા, તે માટે ઘણી ઘણી પૂર્વતૈયારી જરૂરી હોય છે. એકલા રહેવું એ પણ વિશેષ સાધના છે.

પર્વતની એક ગુફામાં 'શ્રીદમ' નામના મુનિવર ચોમાસીતપ સાથે એટલે કે ચાર મહિનાના ઉપવાસ સાથે ચોમાસું રહ્યા. આવી રીતે ગુફામાં રહેતા મુનિવરો કે સાધકો મોટેભાગે ખાવા-પીવાથી દૂર રહેતા હોય છે. વધારે તો ઉપવાસ જ કરતા હોય છે. તેમના માટે ખાવા-પીવાની ક્રિયા વિક્ષેપ ઊભી કરનારી બને છે. ખાવા-પીવામાં પડે તો તેની સાથે લઘુનીતિ -વડીનીતિનોય વિક્ષેપ ઊભો થાય.

જ્ઞાન-ધ્યાનની સાધનામાં લીન મુનિવરો ખાસ યોગ્યતા વગર કે વિશેષ લાભનું કારણ ન દેખાય તો તેની સાથે વાતચીત પણ નથી કરતા. વિશેષ લાભનું કારણ જણાય તો જ તેઓ પોતાનું મોં ખોલતા હોય છે. બાકીના સમયમાં મૌન જ રાખે છે. મૌન રહેનારાને જ ધ્યાનમાં સફલતા મળે છે. ખૂબ બોલ-બોલ કરનાર (વાચાળ) ઘણીવાર મૃષાવાદથી ઘેરાઈ જાય છે.

અત્યંત એકાંત ગુફામાં રહેતા અને ધ્યાનાવસ્થામાં જ મોટા ભાગનો સમય ગાળતા શ્રીદમ મુનિવર પાસે એક વાર એક ભીલ દંપતી આવ્યું. કોઈક એવા ભૂતકાલીન કર્મના ઉદયે માનવ જન્મ મળવા છતાં ભીલ તરીકે જંગલમાં જન્મ્યાં છે. કર્મે ક્યાં કોઈને છોડ્યા છે ? રાજા-મહારાજાને ન છોડે તે સામાન્ય જીવને કઈરીતે છોડે ? જગતના તમામ જીવો કર્મના યોગે પરાધીનપણે જીવે છે. સ્વાધીનતા ગુમાવી બેસે છે. આવા જીવોને ધર્મસત્તા જ સ્વાધીનતા બક્ષી શકે છે. માટે જ ધર્મને 'સખા' તરીકે વર્ણવ્યો છે. વ્યવહારથી શુભ ગણાતી હોય કે અશુભ ગણાતી હોય... દરેક ગતિમાં ધર્મ સહાય કરે છે. ગમે તે જગ્યાએ તેને યાદ કરો, તે હાજર થઈ જાય છે. તેની સાથેનો સંબંધ ક્યારેય નકામો નથી જતો. ક્યારેય ઠગારો સાબિત નથી થતો. માનવ ક્યારેય ધર્મદ્રોહ કરતો જોવા મળે છે, પરંતુ ધર્મ ક્યારેય કોઈપણ જીવ સાથે દ્રોહ નથી કરતો ! આવા ધર્મને તો હૈયાનો હાર બનાવવો જોઈએ. પરભવનોય એ સાથી છે. જીવનરથનો સારથિ છે. પરમાર્થની જ એક વૃત્તિવાળો છે.



ધર્મ અને કર્મ : બંને અઢી અક્ષરના જ શબ્દો હોવા છતાં બંનેના સ્વભાવમાં આભ-ગાભ જેટલું અંતર છે. બંનેની દિશા જ જાણે જુદી છે. એક પ્રસન્નતાથી ભરી દે છે, બીજો રડાવે છે. એક સમાધિ પ્રદાન કરે છે, બીજો ઉપાધિગ્રસ્ત બનાવે છે. એક પવિત્રતા ઊભી કરે છે, બીજો ગંદકી ફેલાવે છે. એક મુક્તિ અપાવે છે, બીજો ફસાવે છે. એક ઊંચે ચઢાવે છે, બીજો પતનની ખીણમાં પટકે છે. એક પુણ્યનું અર્જન કરાવે છે, બીજો પાપનું સર્જન કરાવે છે. એક જીવને સદ્ગતિમાં સ્થાપે છે, બીજો દુર્ગતિમાં ભટકાવે છે. એક ત્યાગી બનાવે છે, બીજો રાગી. એક યોગી બનાવે છે, બીજો ભોગી. એક ઉજ્વળ બનાવે છે તો બીજો કાળો.... આ અકળ લીલાને જ્ઞાની બનેલો આત્મા જ કળી શકે.

મુનિવરની નજરમાં ભીલ દંપતી ભદ્રિકસ્વભાવી લાગ્યાં. કર્મના યોગે ભલે ગતિ-જાતિ-સ્થિતિ વગેરેથી હાલ ભીલ હોય... પણ જીવમાં સારી લાયકાત પડેલી છે. માટે જ તો જ્ઞાની ભગવંતો કહે છે : વર્તમાન સ્થિતિનો જ વિચાર કરી કોઈના માટે એક મત ન બાંધી લેવો. ભૂત-ભવિષ્યનો વિચાર જરૂર કરવો. જીવની યોગ્યતા પાત્રતા-લાયકાત વિશિષ્ટ અતિન્દ્રિય જ્ઞાની સિવાય કોણ જાણી શકે ? આપણે તો તેને પાત્ર બનાવવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. દરેક જીવમાં શિવત્વ છે. દરેક આત્મામાં કેવળજ્ઞાન સત્તામાં તો હોય જ છે, તેને કેમ ગૌણ કરી શકાય કે નકારી શકાય ?

ભદ્રકપ્રકૃતિવાળા અને સરળ જીવોને સન્માર્ગે લાવવાનું કાર્ય સુગમ હોય છે. માટે જ તો શ્રાવકના ૨૧ ગુણોમાંય ભદ્રકપ્રકૃતિને ગુણ તરીકે વર્ણવ્યો છે. તે જ રીતે ભગવતી સુત્રમાં તુંગિયાનગરીમાં શ્રાવકોનો પરિચય આપતાં જણાવ્યું છે કે - પગઈ ભદ્દયાએ... તેમનામાં સ્વાભાવિક (પ્રાકૃતિક - અકૃત્રિમ) ભદ્રકતા હતી. સ્વાભાવિકનો મતલબ છે - સહજ. ભદ્રકતાનો ડોળ નહીં, દેખાવ નહીં : આવા જીવોને માર્ગસ્થ બનાવવા કે માર્ગે આગળ વધારવામાં ઝાઝો પ્રયત્ન કરવો પડતો નથી. 'સમજુ કો ઈશારા કાફી' એ કહેવત પ્રમાણે તેમને માત્ર આંગળી ચીંધવાની જ જરૂર હોય છે. ચોયણા - પડિચોયણા સુધી જવું પડતું નથી. તેઓ લોખંડ જેવા નહીં, સુવર્ણ જેવા હોય છે. સોનામાં જે ઘાટ અપાય, તે લોખંડમાં ન અપાય.

ભીલ દંપતીને સરળ જાણી, તેની યોગ્યતા પિછાણી મુનિવરે શ્રીનવકાર મંત્ર શીખવ્યો. નવકારમંત્રની કેટલીક ખાસિયતો બતાવી. વિઘ્નોનો નાશ કરવાની ક્ષમતા, મંગલને વિસ્તારવાનું તેનું સામર્થ્ય, દુષ્કર્મ સામે બખ્તર જેવી રક્ષા કરવાની શક્તિ, દુર્ગતિને રોકી, સદ્ગતિ તરફ લઈ જવાની તાકાત... વગેરે વાતો કરી. કેવલજ્ઞાન અને મુક્તિ અર્પણ કરવા આ જ મંત્ર સમર્થ છે, તેમ જણાવ્યું. સાથે ત્રણે

કાળ સાવધાન બની જાપ કરવાનું સૂચવ્યું.

સ્વાભાવિક સરળતા અને જૈનમુનિ ઉપરની આસ્થા - શ્રદ્ધાને યોગે તમામ વાતોને લક્ષમાં લઈ તે ભીલ દંપતી નવકાર મહામંત્રનો ત્રિકાળ જાપ કરવા લાગ્યાં. દિન-પ્રતિદિન તેઓ વિશેષ ભાવવાળાં બનતાં ગયાં. નવકારનાં સ્પંદનોએ તેઓનાં તન-મન અને આત્માના દેદાર બદલી નાંખ્યા. વાતાવરણનેય પવિત્ર બનાવી દીધું! પવિત્રતાનો જીવનમાં પ્રવેશ થયો. ૬૮ અક્ષરોએ જાદુ પાથર્યો. શબ્દમાં ચૈતન્ય છે, તેની અનુભૂતિ કરાવી. મંત્રચૈતન્યની શક્તિનો પરચો મળ્યો. દંપતીની ચેતના ઝંકૃત થઈ !

દિવસો... મહિનાઓ... વર્ષો વીત્યાં... જેમ જેમ સમય જાય છે, તેમ તેમ નવકારમંત્રની નિષ્ઠા તેઓનાં દિલમાં વધતી જાય છે.નવકારમંત્રનો સંનિષ્ઠ આરાધકે કરેલો જાપ અવશ્ય ફળે જ...! નવકારનું સ્મરણ - રટણ જેમ જેમ વધે તેમ - તેમ તેની અસર શરીર પર જ નહીં, લોહીના કણ - કણમાં, શરીરના પ્રત્યેક રૂંવાટામાં, આત્માના પ્રદેશે પ્રદેશે તેનો શુભ વાસ થાય છે. જ્યાં જ્યાં તેની અસર થાય છે, ત્યાં ત્યાં પવિત્રતા પથરાય છે. તે - તે સ્થાનમાં રહેલી અશુદ્ધિઓ રવાના થતી જાય છે. દ્રવ્યશુદ્ધિ ભાવશુદ્ધિનું કારણ બને છે. દ્રવ્ય અશુદ્ધ હોય તો ભાવ શુદ્ધ ક્યાંથી આવે ? તે જ રીતે દ્રવ્ય શુભ - શુદ્ધ હોય તો ભાવમાં અશુદ્ધિ ક્યાંથી પ્રવેશી શકે ?તન તપથી શુદ્ધ બને છે. મન ધ્યાનથી શુદ્ધ બને છે. જાપથી બંનેમાં શુદ્ધિનો સંચાર થાય છે. પછી તો એક સમય એવો આવે છે કે - મનમાં જ અજપા જાપ થવા લાગે છે. ઊંઘમાં હો કે જાગતા, તે જાપ અંતર્જલ્પરૂપે ચાલતો હોય છે !

સામાન્ય રીતે જાપમાં પણ તારતમ્ય હોય છે. ભાષ્ય કરતાં ઉપાંશુ અને ઉપાંશુ કરતાં માનસજાપ વધુ શક્તિશાળી હોય છે. ભિન્ન - ભિન્ન આવર્તથી થતા જાપમાં વિશેષ સામર્થ્ય છે. તેનાથી વધારે લાભ કમળબદ્ધ જાપમાં છે. પોતાના હૃદયમાં ૮ પાંખડીનું કમળ કલ્પી કર્ણિકા સહિત આઠ પાંખડીમાં નવકારનો જાપ કરનાર હજાર ગણો લાભ મેળવે છે !

મહાત્મા અને મંત્રીની શ્રદ્ધાના પ્રભાવે ભીલ દંપતી ત્રિકાળ જાપમાં આગળ વધી રહ્યાં છે. માત્ર જાપ જ નહીં, નવકારનું ધ્યાન પણ કરે છે. આયુષ્યના અંત સુધી જાપ - ધ્યાન ચાલુ રહેવાના પ્રભાવે બંને જણાં મૃત્યુ પામી માનવનો જન્મ પામ્યાં. મૃત્યુ સમયે ગમે તેટલા સગા - વહાલાં ભેગા થાય... કોઈ સદ્‌ગતિ નથી અપાવી શકતા. ધન - દોલત ગમે તેટલી હોય મોતથી ન બચાવી શકે કે ન સારી ગતિ - જાતિમાં મોકલી શકે. મૃત્યુ સમયે નિર્યામણા કરાવનાર એક ગુરુભગવંત



મળી જાય અથવા કોઈ કલ્યાણમિત્ર મળી જાય અથવા એક મંત્રાધિરાજ નવકારનો સંગ મળી જાય... કેટલી તાકાત છે ?મરણને અને આગામી જન્મ બંનેને સુધારી દે. અર્થાત્ મરણને સમાધિમય બનાવી દે... સાથે આગામી જન્મને સદ્‌ગતિ સ્વરૂપ બનાવી દે !

આનો સીધો મતલબ તો એ થયો કે વર્તમાન જન્મમાં કે મોતના સમયે ધન - દોલત કે સગા - વ્હાલાં કોઈ કામ નથી આવતાં... ન મોતના મુખમાં ધકેલાતી વખતેય કોઈપણ પ્રકારે સહાયક થતાં...! સહાયક થવાની વાત તો જવા દો... જો તેમાં મન હોય તો સદ્‌ગતિની જગ્યાએ દુર્ગતિમાં ધકેલી દે છે ! ચક્રવર્તી સુભૂમ અને બ્રહ્મદત્તનો વિચાર કરો... અફાટ અને સર્વાધિક સંપત્તિના સ્વામી અને અર્ધાંગના વગેરે હોવા છતાંય ક્યાં ગયા ? સાતમી નરકમાં ! આના પરથી એ ફલિત થાય છે કે ભવ બગાડનારાં તત્ત્વો ક્યાં છે ? અને ભવ સુધારનારાં તત્ત્વો ક્યાં છે ?

ભીલ - ભીલડી મૃત્યુ પામ્યાં ! જન્મની પાછળ અવશ્ય ડોકાતું મોત કોને છોડે છે ? યમરાજ કોઈનાથી ડરતો નથી. યમરાજથી સૌ ડરે છે ! હા, યમરાજથી ન ડરે એવું કોણ ? ધર્માત્મા યમરાજથી ક્યારેય ડરતો નથી. સંગ્રામમાં જેમ સૈનિકની પરીક્ષા થાય, તેમ ધર્માત્માની પરીક્ષા મરણના સમયે થાય છે.

ભીલ - ભીલડીને અંત સમયના સાથી તરીકે નવકાર - મંત્રાધિરાજ મળી ગયો ! તેણે મોતને સમાધિમય બનાવી આપ્યું... મોતને સમાધિમય બનાવનારો દુર્ગતિમાં ક્યાંથી જાય ? મોત સુધરે તેનો જનમ સુધરે.

ભીલનો જીવ મૃત્યુ પામીને; જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલાં 'મણિ મંદર' નામના નગરમાં મૃગાંક રાજાની વિજ્યા રાણીની કૂખે પુત્રપણે ઉત્પન્ન થયો. રાણીની કૂખે આવેલા જીવના પ્રભાવે રાણીને સ્વપ્નમાં સિંહ જોવા મળ્યો. આ સ્વપ્ન આવનાર જીવ અને તેના ભવિષ્યને સૂચિત કરે છે. જીવની ઉત્તમતા પ્રદર્શિત કરે છે. અંત સમયે નવકારનો સાથ મળતાં રાજકુળની પ્રાપ્તિ થઈ ગઈ ! જડની પ્રીતિ મોત ને જનમ બેય બગાડે. ધર્મની પ્રીતિ મરણને મહોત્સવ બનાવે અને જન્મને સદ્‌ગતિનું બિરુદ અપાવે !

નવ મહિનાનો ગર્ભકાળ પૂરો થતાં ભીલનો જીવ 'રાજપુત્ર' તરીકે ઉત્પન્ન થયો ! ઉત્તમ જીવનો જ યોગ્ય સમયે જન્મ થાય છે. તેવાં પ્રકારનાં પાપકર્મ લઈને આવ્યો હોય તો અધૂરા ગર્ભકાળે અથવા ૨૭૭ા દિવસના સામાન્ય ગર્ભકાળ કરતાં વધુ સમયે પ્રસૂતિ થાય છે. બંનેમાં જીવને પીડા થાય છે. અધૂરા ગર્ભકાળે

જન્મ તેય પાપની નિશાની છે. તેમ અંધારી કોટડી જેવા માતાના ઉદરમાં ઊંધા માથે વધારે સમય વિતાવવો પડે તેય પાપને જ સૂચિત કરે છે. કોઈક પાપી જીવને તો ૧૨-૧૨ મહિના નહીં, ૧૨ વર્ષ પણ આવા ભયંકર યાતનાવાળા સ્થાનમાં રહેવું પડે છે. તો કોઈક જીવ વળી, ત્યાં જ મૃત્યુ પામી ફરી એ જ જગ્યાએ ઉત્પન્ન થઈ પુનઃ ૧૨ વર્ષ વિતાવે છે !! આને તેવા પ્રકારના પાપકર્મનો ઉદય જ માનવો પડે!

ક્યારેક ૨૭૭ા દિવસ વીત્યા પૂર્વે જ એટલે કે નવ મહિના ને સાડા સાત દિવસ પૂરા કરવાની જગ્યાએ ૮મા - ૯મા મહિને માતાની કુક્ષિમાંથી બહાર આવી જવાના યોગે તેનો યોગ્ય વિકાસ થતો નથી. શરીરમાં ખોડ - ખાંપણ પણ રહે છે. માતાની શિરા-ધમની દ્વારા મળતા ખોરાકથી જે યોગ્ય - વ્યવસ્થિત વિકાસ થાય, અંગોપાંગનું નિર્માણ થાય, તેવું વહેલું બહાર આવી જતાં થતું નથી. ગર્ભમાં રહેલો જીવ માતાના આહારથી જીવે છે, વિકસિત થાય છે. કૂખમાં હોય ત્યાં સુધી તેને સંડાસ-બાથરૂમ (લઘુનીતિ-વડીનીતિ), ઊલટી - થૂંક વગેરે કાંઈ જ હોતું નથી. કારણ, જે માતાથી તેને મળે છે તે બધું જ અંગોપાંગરૂપ-શરીરના નિર્માણરૂપે પરિણમન થઈ જાય છે, એવું શ્રીભગવતીસૂત્ર તથા તંદુલવિયાલિય પયન્ના ગ્રંથમાં જણાવેલ છે. બાળકના શરીરમાં ત્રણ અંગ માતાના આર્તવમાંથી અને ત્રણ અંગ પિતાના વીર્યમાંથી બને છે. (આના યોગે જ આજે વિજ્ઞાન ડી.એન.એ. ટેસ્ટ દ્વારા માતા-પિતા કે સંતાનનો સંબંધ સાબિત કરે છે. જૈન શાસ્ત્રોના આધારે જ આ શોધ થયેલી છે.) કેવળજ્ઞાની કે બીજબુદ્ધિના ધણી અને સર્વાક્ષરસંનિપાતિની લબ્ધિના સ્વામી જ આવી ગહન-સૂક્ષ્મ અને અતીન્દ્રિય વાતો જાણી - જણાવી શકે !

જન્મ સમયે જીવને માનસિક નહીં, શારીરિક પીડા હોય છે, જ્યારે મરણના ટાઈમે તો રોગોની પીડા, શરીરની નસો વગેરે ખેંચવારૂપ શારીરિક પીડા અને બધું જ છોડવાની ચિંતા રૂપ માનસિક પીડા : એમ ત્રણે પ્રકારની ભયંકર યાતના હોય છે. જન્મને સુધારવાની શક્તિ આપણી પાસે નથી, મોતને સુધારવાનું કાર્ય આપણા હાથમાં છે. જે માનવી મરણને સમાધિમય બનાવે છે,તેને સદ્ગતિવાળો જન્મ 'ભેટ' તરીકે મળી જાય છે.

સિંહના સ્વપ્નથી સૂચિત પુત્રને રાણીએ જન્મ આપ્યો. એ સ્વપ્નને અને રાજયકુળને અનુરૂપ 'રાજસિંહ' નામ પાડવામાં આવ્યું ! રાજસિંહ દિન-રાત પસાર થતાં વૃદ્ધિ પામવા લાગ્યો. જીવનને વીતતાં શી વાર ? સામાન્યથી સુખનો સમય વર્ષોનો હોવા છતાં ક્ષણમાં પસાર થઈ જતો હોય તેવું લાગે છે. દુઃખમય સમયમાં એવું લાગે કે જાણે ક્ષણ મહિના અને વર્ષ જેટલી લાંબી છે ! જોત - જોતામાં તો રાજસિંહ યૌવનના ઉંબરે આવીને ઊભો રહી ગયો !



જીવનમાં માનવોને જેમ માતા - પિતાદિના સંબંધો બંધાય જ છે. કાકા-કાકી, મામા-મામી, ફોઈ-ફુવા વગેરેના સંબંધો નક્કી થાય છે, તેમ જીવ મિત્રના સંબંધોય ઊભા કરે છે અથવા ક્યારેક સહજરૂપે આવા સંબંધો બંધાઈ જાય છે. અલબત્ત, આવા મિત્રો ક્યારેક લાભ માટે થાય છે, તો ક્યારેક નુકશાન માટે થાય છે. ક્યાંક સ્વાર્થી મિત્રો જોવા મળે છે તો ક્યાંક જાનની બાજી લગાવી દેનારા મિત્રોય મળે છે. ક્યાંક એ મિત્રોની કુસંગત વ્યસન વગેરેના માર્ગે લઈ જઈ જીવનને પાયમાલ કરે છે, તો ક્યાંક સારા ગણાતા કલ્યાણમિત્રો ધર્મના માર્ગે આગળ વધવામાં નિમિત્ત બને છે. સાર એ આવ્યો કે મિત્રો જીવનનું ઉત્થાન પણ કરાવી શકે છે તો જીવનને પતનની ખીણમાં ધકેલી શકે છે. સદ્ગતિનો રાહબર પણ બને છે તો દુર્ગતિની ભેટ પણ ધરી દે છે. રાજસિંહને રાજયના પ્રધાન મતિસાગરના પુત્ર સુમતિની દોસ્તી થઈ ગઈ. હકીકતમાં સુમતિ નામ જેવા ગુણવાળો હતો.

(ક્રમશઃ)

## ★ પૂજ્ય ગુરુદેવના પગલે... વચને... ★★★

**- સંકલન**

પૂજ્યપાદ ગુરુદેવ સન્માર્ગરક્ષક આ.ભ.**શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી** મહારાજા આદિ ઠા.૨ તથા પૂ. પ્રવર્તિની સા. **ભદ્રિકાશ્રીજી મ.** આદિ ઠા.૪ હાલ બોરસદમાં બિરાજમાન છે.

બોરસદમાં પૂ.ગુરુદેવની નિશ્રામાં શાસનપ્રભાવનાનાં વિવિધકાર્યો થઈ રહ્યાં છે.

એમાં મહા સુ.૧૪ સાંજે બોરસદથી વિહાર કરી બોચાસણ- સ્કૂલમાં સંથારો કર્યો. સુ.૧૫ તા.૨૪.૨.૨૪ શનિવારે પાડગોલ નિવાસી (હાલ- નડિયાદ) શાહ રમણલાલ ડાહ્યાલાલ તથા વિમળાબેન રમણલાલના આત્મશ્રેયાર્થે તથા ત્રણ સુપુત્રો જયંતીભાઈ, નરેશભાઈ, કીર્તિભાઈના જીવન સુકૃત્યોની અનુમોદનાર્થે મણિલક્ષ્મીતીર્થમાં આયોજિત શ્રી સિદ્ધચક્ર મહાપૂજનમાં નિશ્રા પ્રદાન કરી. સગા - સંબંધી તથા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં આવ્યા હતા. રૂ.૧૨૦ નું સંઘપૂજન થયું. તા.૨૫-૨-૨૪ રવિવારે સવારે બોરસદ આવી ગયા.

અહીં મુ.શ્રી કીર્તિશેખર વિજયજી મ. વધુ બીમાર હતા. તેમની નિર્યામણા ચાલતી હતી. (પૂ. ગચ્છસ્થવિર આ.ભ. શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. આ.શ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય થાય.)

તા. ૨૫-૨-૨૪ રવિવારે શ્રી આદિનાથ જિનાલયમાં શાહ ચન્દ્રકાંત

સોમચંદભાઈ તરફથી તેમનાં ધર્મપત્ની અ.સૌ. રંજનબેનના આત્મશ્રેયાર્થે આયોજિત શ્રી સિદ્ધચક્ર મહાપૂજનમાં નિશ્રા પ્રદાન કરી. ૪૫ રૂ.ની પ્રભાવના થઈ. ગોળનો રવો અપાયો. સંઘ સાધર્મિક વાત્સલ્ય થયું.

બીમાર મુનિવરની સુંદર વેયાવચ્ચ અને સેવા ચાલુ હતી.. પૂ. આ.શ્રી ધર્મશેખર સૂ.મ, પૂ.પં મુક્તિપ્રિય વિ.જી ગણિવર આદિ સેવામાં હાજર રહેતા. પૂ.સન્માર્ગરક્ષક આ.ભ. દવા- ડોક્ટરની વિશેષ જવાબદારી સંભાળવા સાથે તેમના શરીરમાં થતા ફેરફારના હિસાબે ધ્યાન આપતા હતા. તેમાં મહા વ.૫ ગુરુવાર તા.૨૯-૨-૨૪ સાંજથી આચાર્ય મ.ને લાગ્યું કે આજની રાત જોખમી છે. સાધુઓને તથા શ્રાવકોને સાવધાન કરી દીધા હતા. લગભગ ૧૧.૩૦ પછી ઓકસીજન ગમે તેટલો આપવા છતાં શરીરમાં પૂરતો પહોંચતો ન હતો. તેથી નવકારની ધૂન ચાલુ કરાવી.

૧૨.૩૦ લગભગ આચાર્યભગવંને વધારે સિરિયસ લાગતાં બધાને બોલાવી લીધા. ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં અને નવકારની ધૂન વચ્ચે ૧૨-૪૪ મિનિટે મુનિવર સ્વર્ગની વાટે સિધાવી ગયા. સંઘના યુવાનોએ સુંદર વેયાવચ્ચ કરી. હોસ્પિટલ - દવા વગેરેનો પૂરો ખર્ચ રાજુભાઈ રજનીકાંત શ્રોફે ઉઠાવ્યો. રોજ ખૂબ દોડાદોડ પણ કરતા.

ડો. વિજયભાઈ પટેલ, ડો.પી.આર. દરજીએ તથા ડો. માનવ જૈને પણ રાત્રિ-દિવસ જોયા વગર સેવા આપી. પૂ.આચાર્યભગવંતે વોસિરાવવાની વિધિ કર્યા બાદ સંઘે - તેમાં પણ ભાવેશભાઈ - યોગીનભાઈ વગેરેએ ભેગા મળી શ્રાવકોનાં કર્તવ્યો નિભાવ્યાં. રાજુભાઈ - નરેશભાઈ ખડે પગે ઊભા રહેતા.

તા.૧-૩-૨૪ પ્રથમ છઠ્ઠના શુક્રવારે સવારે પાલખીની તૈયારી થઈ ગઈ. સવારે મુનિવરનાં સંસારી સુપુત્રી વીણાબેન તથા તેમનો પરિવાર પણ હાજર થઈ ગયો, સંઘની વિશાળ ઉપસ્થિતિમાં બોલીનો પ્રારંભ થયો. બધાએ મન મૂકીને લાભ લીધો. તે પૂર્વે પૂ. આચાર્યભગવંતે પ્રાસંગિક પ્રવચન કર્યું. સંઘની સેવાની અનુમોદના કરી. પૂ.આ.શ્રી ધર્મશેખરસૂ.મ.સા.એ સ્વ. મુનિવરના જન્મ - સંયમગ્રહણાદિ જીવનની રૂપરેખા આપી. સાથે સ્વ. મુનિના સમાધિમય સ્વર્ગવાસ અને તપ - સંયમ જીવનની અનુમોદનાર્થે થનારા મહોત્સવની તથા જીવદયાની સારી ટીપ થઈ. (એ મહોત્સવ પૂ.આ.ભ.શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ૨૮-૪-૨૪ થી ૩૦-૪-૨૪ ત્રણ દિવસનો ઉજવાશે.)

બોરસદ સંઘોમાં સાધુ - સાધ્વીજી માટે નિશ્ચિત થયેલી અલગ જગ્યામાં જરિયાન પાલખીમાં જય જય નંદા... ના નાદ સાથે અને ગુલાલની ઉડાડાતી છોળો સાથે અગ્નિ સંસ્કાર થયો.



બીજી તરફ મહા વ.૪ તા.૨૮-૨-૨૪ બુધવારથી; દિલીપભાઈ મણિલાલ બાપુલાલ તથા અ.સૌ. ઈન્દુબેન દિલીપભાઈ વાસણવાળા (મૂળ - બોરસદ, હાલ - વડોદરા)નો જીવિત- મહોત્સવ ચાલુ હતો.

પહેલા દિવસે હસુમતીબેન રજનીકાંત શ્રોફ પરિવાર તરફથી સવારે ૧૦.૦૦ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવાઈ. ૧કિલો. ગોળના રવાની પ્રભાવના થઈ. તા.૨૯-૨-૨૪ મહા વ.૫ ગુરુવારે જોલિબેન - પૂર્વીબેન, પંક્તિબેન, મિશાલબેન, રિટા, કેતકીબેન, પ્રીતિબેન તરફથી સવારે ૧૦.૦૦ કલાકે શ્રી આદિજિનપંચકલ્યાણક પૂજા ભણાવાઈ. ૨૦ રૂ. ની પ્રભાવના થઈ.

તા.૧-૩-૨૪ મહા વ. પ્રથમ છઠ્ઠ શુક્રવારે સવારે ૧૦-૧૫ કલાકે અ.સૌ. ઈન્દુબેન દિલીપભાઈ શાહ તથા અ.સૌ. ઝરણાબેન સતીષભાઈ શાહ - વડોદરા તરફથી શ્રીશક્રસ્તવના અભિષેક થયા. ૧૦ રૂ. ની પ્રભાવના થઈ.

**ધ્વજારોહણ :** શ્રીશાંતિનાથ જિનાલયની લગભગ ૨૦૪ મી સાલગિરા હતી. સવારે બહેનોનાં પ્રભાતિયાં થયાં. આ સાલગીરીમાં બોરસદની દિકરીઓને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તે માટે તેમને ખાસ એક જ સરખી સાડી પહોંચાડાઈ હતી. તે જ ડ્રેસકોડમાં તમામ બહેનો હોવાથી એક નજારો અલગ જ જણાતો હતો. લગભગ આવી બહેનોની સંખ્યા ૨૫૦ આસપાસ હતી.

સવારે ૯-૦૦ કલાકે સત્તર ભેદી પૂજા ભણાવાઈ. બીજી તરફ પૂ.આ.ભ. પાસે ધ્વજા મંત્રિત કરાવી. ત્યારબાદ ધ્વજાનો વરઘોડો નીકળ્યો હતો. વરઘોડોમાં પણ બોરસદ ગર્લ્સ ગ્રુપના વસ્ત્રપરિધાનના યોગે શોભામાં ચાર ચાંદ લાગ્યા હતા.(લગભગ સં.૨૦૦૨ ની સાલથી કાયમી ધ્વજાનો આદેશ લેનાર શેઠ મોતીલાલ રામજીભાઈના સુપુત્રો જીવણભાઈ અને રમણભાઈ પરિવાર ધ્વજા ચડાવે છે.) કાયમી ધ્વજાના લાભાર્થી પૈકી ઈન્દિરાબેને બોરસદ ગર્લ્સ ગ્રુપના મેમ્બરોને એક જ સરખી સાડી પ્રદાન કરી હતી. વિધિવત્ મંત્રોચ્ચાર અને ૐપુણ્યાહં... ના ગગનભેદી નાદ વચ્ચે ધ્વજારોહણ થયું. પેંડાની પ્રભાવના કરી. ત્યારબાદ લાભાર્થી પરિવાર સહિત દામોદર જેચંદ તડપંચની થયેલી સાલગિરાના સામુદાયિક ફંડમાંથી સાધર્મિક વાત્સલ્ય થયું. લાભાર્થી પરિવારે ત્યાં ૧-૧ ગ્રામની ચાંદીની ગીની પ્રભાવનારૂપે આપી.

બપોરે; પંચાહ્નિક મહોત્સવ અંતર્ગત, સ્વ. ભગવતીબેન, સ્વ. રેણુકાબેન, સૌ. રાગિણીબેન તરફથી શ્રી શાંતિજિન પંચકલ્યાણક પૂજા ભણાવાઈ. ૨૦ રૂ.ની પ્રભાવના અપાઈ.

મહા વ. ૭ તા.૩-૩-૨૪ રવિવારે સવારે ૬-૩૦ કલાકે પ્રભાતિયાં થયાં.

૯-૧૫ કલાકે દિલીપભાઈ મણીલાલ તથા સૌ. ઈન્દુબેન દિલીપભાઈ તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું. અરિહંતપદની ભક્તિમાં તેઓએ સોનાની વાટકી અર્પણ કરી ! સિદ્ધપદની પૂજા સમયે સોનાની કંઠી અર્પણ કરી ! પૂજનબાદ સમસ્ત બોરસદના ચારે ફિરકાના જૈનોની નવકારશી કરાવી હતી.

મહોત્સવમાં રોજ પ્રભુજીની ભવ્ય અંગરચનાઓ થતી. જિનાલયનો વિશિષ્ટ શણગાર થતો. ચોકમાં મંડપ નંખાયો હતો. રોજ પૂ.ગુરુદેવનાં પ્રેરક પ્રવચનો થતાં. આ પ્રસંગે પૂ.પં.શ્રી મુક્તિપ્રિય વિ.જી ગણિવર આદિ ઠા.૭ પણ રોકાયા હતા. શરૂઆતના ત્રણ દિવસ પૂ.આ.શ્રી ધર્મશેખરસૂ.મ. આદિ ઠા.૨ પણ સ્થિરતા કરી હતી. આમ આ મંગલ મહોત્સવ અનેક રીતે યાદગાર અને શાસન પ્રભાવક બન્યો હતો.

**મણિ - લક્ષ્મી તીર્થે ધ્વજારોહણ :** તીર્થના સ્થાપક મણીભાઈ લક્ષ્મીચંદ પરિવારના સુપુત્ર દિનેશભાઈ ઠડિયાવાળા આદિની આગ્રહભરી વિનંતિથી પૂ.આ. ભ.શ્રી મહા વ.૧૨ ના સાંજે વિહાર કરી બોચાસણ પધાર્યા. મહા વ. ૧૩ તા.૮-૩-૨૪ શુક્રવારે મણિ - લક્ષ્મી તીર્થે પધાર્યા. સાતમી સાલગિરા નિમિત્તે વિધિવત્ ધ્વજારોહણ થયું. ત્યારબાદ વિશાળ રંગમંડપમાં પ્રવચનો થયાં. એમાં વડીલ સ્થાને રહેલા પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાના પ્રવચને ઉપસ્થિત વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ તથા શ્રાવક-શ્રાવિકાવર્ગ મંત્રમુગ્ધ થઈ ગયેલ. પૂજ્યશ્રીએ શ્રીમુનિસુવ્રતસ્વામી દ્વારા થયેલ અશ્વ-પ્રતિબોધના પ્રસંગને આગવી - લાક્ષણિક શૈલીમાં ઉપસાવ્યો હતો. ત્યારબાદ ધ્વજારોહણપર્વની વાત પણ પ્રાસાદ - પુરુષના અને શિલ્પ તથા વિધિ - વિધાનના માધ્યમથી સમજાવી હતી.

ત્યાંથી વિહાર કરી વ.૧૪ શનિવારે પેટલાદ પધાર્યા. ત્યાં દિલીપભાઈના ગૃહાંગણે પ્રવચન થયું. ૫૦ રૂ. ની પ્રભાવના થઈ. વ.૩૦ તા.૧૦-૩-૨૪ રવિવારે સિંહોલ ગામના હરિબાપાના આશ્રમમાં પધાર્યા. સાંજે કરમસદના ઉપાશ્રયમાં સંથારો કર્યો.

**દીક્ષા :** ફા.સુ.૧ તા. ૧૧-૩-૨૪ સોમવારે આણંદ (વિદ્યાનગર) પદ્મમોહન જિનાલયથી પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજયશ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા,** પૂ.આ.શ્રીમદ્ **વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** આદિ ૪ આચાર્યભગવંત, પંન્યાસજી મ. આદિ વિશાળ શ્રમણ - શ્રમણી ભગવંતોનો; **મુમુક્ષુ રાજલકુમારીની** દીક્ષા નિમિત્તે વાજતે - ગાજતે ભવ્યપ્રવેશ થયો. પ્રવેશ બાદ પ્રવચન અને શ્રીસંઘની નવકારશી હતી. મુમુક્ષુ રાજલકુમારી પૂ.આ.ભ.શ્રીભવ્યદર્શનસૂરિજી મ.ની સંસારી



ભાણી થાય. મહોત્સવનો આજે ત્રીજો દિવસ હતો. બપોરે ૨-૦૦ કલાકે મુમુક્ષુનાં કપડાં રંગવાનો કાર્યક્રમ હતો. સાંજે મહાપૂજા અને સંધ્યાભક્તિ હતી. રાત્રે ૮-૦૦ કલાકે પાઠશાળાનાં બાળકોનો **'વંદે શ્રમણધર્મમ્'** - દીક્ષા સંવેદનાનો કાર્યક્રમ તથા દીક્ષાર્થીનું બહુમાન થયું.

મહોત્સવના ૪થા દિવસે (ફા.સુ.૨+૩, તા.૧૨-૩-૨૪ મંગળવારે) સવારે ૮-૩૦ કલાકે વરસીદાનયાત્રા થઈ, જે અક્ષરફાર્મ ઊતરી. ત્યાં માંગલિક પ્રવચન તથા સંઘ સાધર્મિકવાત્સલ્ય થયેલ. બપોરે ૨-૩૦ કલાકે વિવિધ - વિશિષ્ટ જળ - ઔષધિઓથી શક્રસ્તવ અભિષેક કરાયો. જયેશભાઈ ચુડગર અને વડતાલના મંડળે ભક્તિ - સંગીત પીરસ્યું. સાંજે ૪-૩૦ કલાકે મુમુક્ષુનું અંતિમ વાયણું થયું. ૭-૩૦ કલાકે વાંદોલીનો કાર્યક્રમ થયો. રાત્રે ૮-૩૦ કલાકે 'રૂડા રાજમહેલને ત્યાગી...' સ્વરૂપે મુમુક્ષુ રાજલકુમારીની અંતિમ વિદાય, એમાં સંવેદના ભાવિક મહેતા તથા સંગીત જૈનમ્ વારિયાએ પીરસ્યું.

દીક્ષાના મંગલ દિવસે (ફા.સુ.૪ તા.૧૩-૩-૨૪ બુધવારે) સવારે અક્ષર ફાર્મ (વિરતિવૃંદાવન)માં ૭-૦૦ કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ થયો. તે પૂર્વે અંતિમ જિનપૂજા તથા ગુરુપૂજન વગેરે વિધિ થઈ. ૮-૩૦ કલાકે નવકારશી તથા ૧૧-૩૦ કલાકે સંઘસાધર્મિકવાત્સલ્ય થયેલ.. આગલી રાત્રે મુમુક્ષુ જેઠાભાઈ સોનીની (જૈનેતર) દીક્ષા નક્કી થઈ. સાથે સાંચોર નિવાસી બાબુભાઈ (મુ.શ્રીસત્યદર્શનવિ.જી મ.) ની વડી દીક્ષા થઈ. લગભગ ૨૭૦૦ થી વધારે ભાવિકોની ઉપસ્થિતિ હતી. દીક્ષા પ્રસંગે સંવેદના માટે અભયભાઈ ચોકસી તથા સંગીત માટે ઋષભભાઈ દોશી પધારેલ.

આ પ્રસંગ પાદરા નિવાસી ચીમનલાલ દલસુખભાઈ વ્રજલાલ પરિવાર પાદરાવાળાનો હતો. ચીમનભાઈના દીકરા હસમુખભાઈ, તેમના દીકરા નીતિનભાઈ તથા નીલેશભાઈ - એમાં નીલેશભાઈની દીકરી મુમુક્ષુ રાજલ.

દીક્ષાનો કાર્યક્રમ પતાવી સાંજે જિટોડિયા સંથારો કર્યો. ફા.સુ.૫ના ગુરુવારે તમામ પૂજ્યો નાપાડ પધાર્યા. સામૈયા સાથે પ્રવેશ થયો. બંને આચાર્યભગવંતોનાં પ્રવચનો થયાં. આગામી શતાબ્દી (ગામના જિનાલયની) અંગે પ્રેરણા - માર્ગદર્શન કર્યું.

ફા.સુ.૬ તા. ૧૫-૩-૨૪ શુક્રવારે બોરસદ પધાર્યા. આજે ૧૫૧ વર્ષીતપવાળાની પાંચમી યાત્રા હોવાથી પૂજ્યશ્રીએ બોરસદ પધારી માંગલિક શ્રવણાદિ વિધિ કરી. લગભગ પાંચ બસો લઈ યાત્રિકો જીરાવલા - આબુ વગેરે

તીર્થોની યાત્રાએ નીકળ્યા. ત્યાં જીરાવલાતીર્થમાં ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવાયું. એના લાભાર્થી માતુશ્રી સંઘવી વસુમતીબેન અશોકભાઈ વાસણવાળા હતા. ચિ.અતુલ (મુકેશ) ની ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુની તપશ્ચર્યા નિમિત્તે પૂજન થયું.

આ પૂજનમાં સૌ પ્રથમ વસુમતીબેને વીંટી અર્પણ કરી. ત્યારબાદ આરાધકો - યાત્રિકોએ લગભગ ૨૯ વીંટીઓ અર્પણ કરી. તે ઉપરાંત બે કંઠી અર્પણ કરી. ત્યારબાદ ૧-૧ ગ્રામ સોનું લગભગ ૨૫-૨૭ ભાગ્યશાળીઓએ અર્પણ કર્યું. તે પૂર્વે સવારે ૬-૩૦ થી ૭-૩૦ જિનાલયમાં અરિહંત વંદનાવલીના માધ્યમથી સૌએ ભક્તિ કરી. પૂજનમાં ૪૦ રૂ. ની તથા નાના બાજોઠની પ્રભાવના કરી. બાજોઠ વાસણવાળા પરિવાર તરફથી અપાયો.

બીજી તરફ પૂજ્યશ્રી બોરસદથી રાસ થઈ ફા.સુ.૮ તા.૧૭-૩-૨૪ રવિવારે સામૈયા સાથે વટાદરા પધાર્યા. અહીં પુત્ર અમિતભાઈના આત્મશ્રેયાર્થે નરેશભાઈ શાંતિલાલ તરફથી શ્રીઋષિમંડલ પૂજન ભણાવાયું. સવારે બપોરે સાંજે ત્રણ ટાઈમ સાધર્મિક ભક્તિ રાખવામાં આવી હતી. પૂજન પ્રસંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી સંઘનિભાવ માટે પાક્ષિક યોજના જાહેર થઈ. ૯-૯ હજારના નકરામાં ૧૨ નામ આવ્યાં.

જીરાવલા-આબુની યાત્રાના યાત્રિકો ૧૭ તારીખે બોરસદ આવી ગયા. વર્ષીતપવાળાની પાંચે યાત્રાઓ નિર્વિઘ્ને થઈ. રસ્તામાં આવતાં જગાણા, સિદ્ધપુર (સુલતાન પાર્શ્વનાથ), ભેરુતારક, પાવાપુરી વગેરે તીર્થોની સ્પર્શના કરી.

પૂજ્ય ગુરુદેવશ્રી ફા.સુ.૧૦ પરત બોરસદ પધારી ગયા.

**ભાવયાત્રા :** ફા.સુ. બીજી તેરસ તા.૨૩-૩-૨૦૨૪ શનિવારે છ ગાઉની ભાવયાત્રાનું આયોજન બોરસદ-કાશીપુરાના શ્રીવીશા ઓસવાલ શ્વે.મૂ. જૈનસંઘમાં થયેલ. પૂજ્ય ગુરુદેવે ઇતિહાસ સાથે મહત્ત્વની ઘટનાઓની જાણકારી આપવા પૂર્વક ભાવયાત્રા કરાવી. જનકભાઈ, હિતેશભાઈ વગેરેએ ભક્તિ કરાવી. ભાવયાત્રાનો લાભ શ્રીવીરબાલાબેન ચન્દ્રકાંતભાઈ શાહે લીધો. જ્યારે પાલ (ભક્તિ) નો લાભ માતુશ્રી હસુમતીબેન રજનીકાંત શ્રોફ પરિવાર તથા માતુશ્રી ભાનુબેન ઠાકોરલાલ ચંદુલાલ પરિવારે સંયુક્તપણે લીધો હતો. ભાવયાત્રા ખૂબ જ યાદગાર બની. ઘણી વાતો નવી જાણવા મળી. પ્રોગ્રામ લગભગ સવા ત્રણ કલાક ચાલ્યો હતો.

**પૂજ્ય ગુરુદેવ વૈ.સુ.૧૫ સુધી બોરસદમાં જ સ્થિરતા કરશે. જૈન ઉપાશ્રય,**



આદિનાથચોક, કાશીપુરા-બોરસદ જિ.આણંદ. મો.૯૪૨૬૦૨૨૦૨૨

## પૂ. ગુરુદેવનું ચાતુર્માસ

**'સૂરિમિત્રાનંદ'** ના કૃપાપાત્ર પટ્ટધર, સન્માર્ગરક્ષક, આગમ-શિલ્પ-વિધિવિધાન વિશારદ પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠા.૨ તથા પૂ.પ્રવર્તિની સા. **ભદ્રિકાશ્રીજી મ.**આદિ ઠા.૪ ના આગામી સં.૨૦૮૦ ના ચાતુર્માસની, પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ્વિજયપુણ્યપાલ સૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી-

**વડોદરા-આજવા રોડ, નવપદ દેરાસર પાછળ, ૧૨૨, દૂધેશ્વર સોસાયટી, સુંદરદેવી મુલતાનમલજી કોઠારી આરાધના** ખાતે 'જય' બોલાવી છે. પ્રવેશનો દિવસ નિશ્ચિત થયે જાણ કરવામાં આવશે.

## ★ પ્રેરણા પત્ર ★★★

- બોરસદ.

**આ.વિ. ભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક **સુધીરભાઈ,સમીરભાઈ દિનેશભાઈ તથા દુષ્યંતભાઈ** આદિ યોગ્ય ધર્મલાભ.દેવ-ગુરુ પસાયે સુખશાતા છે. આજે હમણાં જ ગુજરાત સમાચારના ત્રીજા અને છેલ્લાં એમ બે પેજથી ઉદાર-ધર્માત્મા શ્રીમતી શારદાબેનના સ્વર્ગગમનના સમાચાર જાણ્યા.

સ્વ.ઉત્તમભાઈ મારા ગુરુદેવ પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજયમિત્રા-નંદનસૂરીશ્વરજી મહારાજ** પાસે પંદર દિવસે-મહિને ખાસ આવતા.અલબત્ત,તેઓ ન્યુ આશિષફ્લેટમાં રહેતા ત્યારથી પરિચયમાં હતા.નીલપર્ણાના નિવાસસ્થાને તો હું પણ મારા પૂ.ગુરુદેવ સાથે ઘણી વાર આવ્યો હતો. ઉત્તમભાઈ અને શારદાબેન મારા ગુરુદેવના ખાસ ભક્ત ગણાતાં. જ્યારે જ્યારે આવતાં ત્યારે ત્યારે આરામથી કલાક-કલાક બેસતા.ધાર્મિક સાથે ઘણી વાતોની ચર્ચાઓ થતી.સાંપ્રત સમસ્યાઓ અંગે મારા પૂ.ગુરુદેવ સ્પષ્ટ,ઠોસ અને શાસ્ત્રીય માર્ગદર્શન આપતા.સુશ્રાવક ઉત્તમભાઈને તે ખૂબ ગમતું.

દુષ્યંતભાઈ તો મારા પૂ.ગુરુદેવના શિષ્ય જેવા ગણાય છે.તેઓ તો હજી પણ મારા સંપર્કમાં રહે જ છે. અવાર નવાર હું તેમના દ્વારા સુ.શારદાબેનના સમાચાર મેળવતો અને ધર્મલાભ જણાવતો.

સુ.શારદાબેન એક ઉત્તમ જીવન જીવી ગયાં. આદર્શ ધર્મપત્ની,આદર્શ માતા તરીકે કર્તવ્ય-નિષ્ઠ રહ્યાં. ધાર્મિક-સામાજિક-શૈક્ષણિક-ક્ષેત્રે ઘણી ઉદાર સખાવતો તમારાં માતા-પિતા કરી ગયાં... હવે તમારે એ વારસાને આગળ

વધારવાનો છે. માત્ર અર્થ અને કામપુરુષાર્થ પાછળ આ કિંમતી માનવભવને પૂરો કરવાનો નથી. ધર્મ-પુરુષાર્થને વિશેષ પ્રાધાન્ય આપવાનું છે. તમારા માતા-પિતા જેવું જ આદર્શજીવન તમારે પણ બનાવવાનું છે.

દુષ્યંતભાઈ જે રીતે ધર્મ-સ્વાધ્યાય-ધ્યાન તરફ વળ્યા છે. એવો તમારે પણ તે માર્ગે યથાયોગ્ય પુરુષાર્થ કરવાનો છે. ધાર્મિક-શાસ્ત્રીય ઘણાં સમાધાન આજે પણ તેઓ મારી પાસેથી મેળવી રહ્યા છે.

માતુશ્રી શારદાબેનની પાછળ બંને સુપુત્રો, પૌત્રો પણ ધાર્મિક-આદર્શ સંસ્કાર વારસાને જીવંત રાખે અને આ માર્ગે 'સવાયા' સાબિત થાય... એવી અમારી સદ્ભાવના છે.પુત્રવધૂઓ તથા પૌત્રવધૂઓ પણ તારંગા-કુંભારિયાના તીર્થોદ્ધાર ની જેમ શાસનનાં અને આત્માનાં કાર્યોમાં હંમેશા અગ્રેસર બને, એવી મનોકામના.

સુ.શારદાબેનનો સમગ્ર પરિવાર તેમના સામાયિક-પ્રતિક્રમણ-પૂજા-દાન-વગેરે ધર્મકાર્યોનો વારસો લઈ પોતાના આત્માને મુક્તિ તરફ આગળ વધારે એવી હિતશિક્ષા... વિશેષ હવે પછી...

**દ.આ.વિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ...**

## ★ વાંચનમાંથી તારવેલું ★★★

**- વાંચનમિત્ર**

વિવિધ સામયિકો ,દૈનિક સમાચાર વગેરેમાં આવતાં લખાણો તારવીને અહીં આપ્યાં છે. તેમાં કેટલાંક લખાણો ચોંકાવનારાં,કેટલાંક લખાણો સાવધાન બનાવનારાં , કેટલાંક આશ્ચર્ય ઉપજાવનારાં, કેટકાંક ચિમકીરૂપ તો કેટલાંક લખાણોને તે વસ્તુ વગેરેથી દૂર રહેવાની સૂચના કરનારાં હોય છે. તમામ લખાણોને 'હંસચંચુ' ન્યાયથી વાંચવા ભલામણ છે. કારણ,આ બધાં લખાણો જૈનઆગમના કે શાસ્ત્રોનાં નથી. આગમાદિ શાસ્ત્રોની વાતોમાં ક્યારેય અસભ્ય,અતિશયોક્તિ કે ગેરમાર્ગે દોરનારી વાતો હોતી નથી.માટે વિવેક પૂર્વક આ હકીકતો વાંચીને; એમાંથી યોગ્ય બોધ લેવા ભલામણ.

જગતમાં બનતી કોઈ પણ ઘટના એવી નથી કે એમાંથી કાંઈક ને કાંઈક બોધ ન મળે.અરે! દરેક પ્રસંગને યોગ્ય દિશામાં ચિંતન - મનન તરફ વાળીએ તો અવશ્ય વૈરાગ્ય થાય .

અહીં રજૂ થયેલો પહેલો પ્રસંગ 'રેપના આરોપીને જામીન મળ્યાનો છે. અનૈતીક સંબંધ હોવા છતાં,તરુણીએ (૧૩ વર્ષની ઉંમરની બાલિકા ) બળજબરીની ફરિયાદ ન કરી હોવાથી હાઈકોર્ટે કેવો ચુકાદો આપ્યો? કાયદા કેવા ? જજમેન્ટ કેવા? 'આમાં વાસના નથી , પરસ્પરનો પ્રેમ છે.' જેવાં સ્ટેટમેન્ટ અપાય છે . આ ઉંમરે આવી હરકતો કઈ રીતે ચલાવાય ? સરકારી વકીલની દલીલોને પણ ધ્યાનમાં



ન લેવાઈ ! અન્યને ડર પેદા થાય તેવી દંડનીતિ ઘડાય તો જ ભવિષ્યમાં ગુનાનું પ્રમાણ ઘટે.

કેટલાક પ્રસંગો ચમત્કાર સ્વરૂપ લાગતા હોય છે. 'રામ રાખે તેને કોણ ચાખે' જેવી કહેવતો અહીં સાચી ઠરે છે . પુણ્ય કે આયુષ્ય બળવાન હોય ત્યાં જીવ મોતના મુખમાંથી પણ બહાર આવી જાય છે. કાળનો વિકરાળ પંજો પણ ત્યાં સફળ થઈ શકતો નથી .

નાનીનાની ઉંમરે વાસનાના શિકાર બનવાના કિસ્સા પણ વધતા જાય છે . ખૂનામરકી અને ગુનેગારીના આંકડા રોજ ઊંચા જતા જોવા મળે છે. તેના કારણે માત્ર નવમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની માતા બન્યાનો કિસ્સો કર્ણાટકમાં નોંધાયો.

**હરિયાણામાં અજબનો કિસ્સો બન્યો**

**એમ્બ્યુલન્સ ખાડામાંથી પસાર થતાં ૮૦ વર્ષની વ્યક્તિ જીવિત થઈ ગઈ !**

રસ્તા પર પડેલા ખાડામાં પડી જવાના લીધે આપણે ઘણા લોકોના મોત થાય છે તે સાંભળ્યું છે,પરંતુ તેના લીધે કોઈ જીવતું થઈ જાય તેવું સાંભળ્યું છે ? કદાચ ક્યારેય સાંભળ્યુ નથી . પણ આ પ્રકારનો બનાવ બન્યો છે . હરિયાણામાં રસ્તા પરના ખાડાના લીધે એક મરેલી વ્યક્તિ જીવતી થઈ ગઈ.

**વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે ખસેડાયા : સ્થિતિ નાજૂક હોવાના અહેવાલ**

હરિયાણામાં ૮૦ વર્ષની વ્યક્તિને રીતસર ડોક્ટરે મૃત્યુ પામેલો જાહેર કર્યો હતો અને તેના મૃતદેહને એમ્બ્યુલન્સમાં ઘરે લાવવામાં આવતો હતો અને તે સમયે તેની એમ્બ્યુલન્સ આ જ રીતે ખાડાની સાથે અથડાતાં આ મૃતદેહમાં જીવ આવ્યો હતો અને હવે આ વ્યક્તિની સારવાર ચાલી રહી છે.

હરિયાણામાં મૃત્યુ પામેલા દર્શનસિંઘ બ્રારને ડોક્ટરે મૃત્યુ પામેલા જાહેર કરવામાં આવ્યા પછી કર્નાલના ઘર ખાતે લાવવામાં આવી રહ્યો હતો . ઘરે રોકકળ ચાલુ થઈ ગઈ હતી, શોક કરવા આવનારાઓ માટે આહારની વ્યવસ્થા થઈ ગઈ હતી , ઠાઠડી પણ ઘરે લાવી દેવાઈ હતી અને આમ અંત્યેષ્ટિની બધી ક્રિયાઓ શરૂ કરી દેવાઈ હતી .

બ્રારનો પૌત્ર તેમને એમ્બ્યુલન્સમાં લઈને આવી રહ્યો હતો . તે સમયે એમ્બ્યુલન્સ મોટા ખાડામાંથી પસાર થયા પછી બ્રારના પૌત્રએ તેમનો હાથ હલતો જોયો . તેણે તરત જ બ્રારના હૃદયના ધબકારા ચકાસ્યા .

હૃદયના ધબકાર ધમધમવા લાગ્યા . તેણે તરત જ એમ્બ્યુલન્સને નજીકની હોસ્પિટલ લઈ જવા જણાવ્યું . હવે ત્યાં તેની સારવાર ચાલી રહી છે . જો કે હજી પણ તેમની સ્થિતિ ગંભીર છે, પરંતુ કુટુંબમાં આનંદ છે. **(ક્રમશઃ)** ધ